સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર-૩૮૫૫૦૬, જિ. બનાસકાંઠા (ગુજરાત)

---

**ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના સ્નાતક કક્ષાના ''બી''–ગ્રુપ / ''એ''–ગ્રુપ / ''એબી''–ગ્રુપના B.Sc. (Hons.) Community Science અભ્યાસક્રમમાં રૂબરૂ પ્રવેશ મેળવવા માટેનો કાર્યક્રમ : ૨૦૨૦–૨૧**

**રૂબરૂ પ્રવેશ માટેનું સ્થળ : આસ્પી ગૃહવિજ્ઞાન અન પોષણ મહાવિધાલય,**
**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર**

**તારીખ : ૦૮–૦૧–૨૦૨૧ સમય સવારે ૧૦.૩૦ થી સાંજે ૦૫.૦૦**

ગુજરાત રાજયની સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર અંતર્ગત ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી સ્નાતક કક્ષાએ ચાલતા ''બી''–ગ્રુપ / ''એ''–ગ્રુપ તથા ''એબી''–ગ્રુપના બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમ માટે રૂબરૂ કાઉન્સેલીંગ દવારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ૨૦૨૦–૨૧માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ વેબસાઈટ **www.sdau.edu.in** પર મુકાયેલ સૂચના મુજબ દર્શાવેલ તારીખ અને સમય પ્રમાણે રૂબરૂ પ્રવેશ માટે ફોર્મ મેળવી તમામ અસલ પ્રમાણપત્રો, પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલ નકલ તેમજ જરૂરી **ફી (૧૩૭૦૦/– છોકરા માટે તથા ૮૭૦૦/– છોકરીઓ માટે)** સાથે હાજર રહેવું. રૂબરૂ પ્રવેશ માટે ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારનો પ્રવેશ માટેનો કોઈ પણ જાતનો હક દાવો રહેશે નહી.

નીચે જણાવેલ ટકાવારી ધરાવતા હોય તેવા ઉમેદવારોને ખાલી જગ્યાઓએ પ્રવેશ આપાવમાં આવશે.

**તમામ કેટેગરી માટે ફીજીકસ / કેમેસ્ટ્રી / બાયોલોજી અથવા મેથેમેટીકસ વિષયમાં ૩૫% (૧૦૫ માર્કસ) મેળવેલ હોવા જોઈએ.**

**ખાસ નોંધ :–**

**રૂબરૂ પ્રવેશ વખતે વિધાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓનો કડક અમલ કરવાનો રહેશે.**

- વિધાર્થીએ રૂબરૂ કાઉન્સેલીંગ સમયે કોવીડ–૧૯ના નિયમ મુજબ સોશીયલ ડીસ્ટન્ટ / માસ્ક પહેરવુ તેમજ સેનેટાઈઝરથી હાથ સાફ કરવા તેમજ સમય કરતા વહેલા આવીને ટોળામાં ભેગા ન થવું વગેરેનું પાલન કરવાનું રહેશે.
- રૂબરૂ કાઉન્સેલીંગ માટેની અગત્યની સૂચના યુનિવર્સિટી વેબસાઈટ www.sdau.edu.in ઉપર પ્રસિધ્ધ કરેલ છે.

**કુલસચિવ**
**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી**
**સરદારકૃષિનગર**

## **–:: અગત્યની સૂચનાઓ ::–**

(૧) તમામ કેટેગરી માટે (૧) ફીઝીકસ (૨) કેમેસ્ટ્રી (૩) બાયોલોજી અથવા મેથેમેટીકસ વિષયમાં ૩૫% (૧૦૫ માર્કસ) મેળવેલ હોવા જોઈએ.

(૨) ચાલુ વર્ષેની ગુજકેટની પરીક્ષા આપેલ હોવી જોઈએ.

(૩) રૂબરૂ કાઉન્સલીંગ દરમ્યાન કોવીડ–૧૯ ના નિયમ મુજબ સોસીયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

(૪) દરેક વિધાર્થીએ માસ્ક પહેરવું ફરજીયાત છે તેમજ સેનેટાઈઝરથી હાથ સાફ કરવાના રહેશે.

(૫) ટોળામાં ભેગા ન થવું તેનું પાલન કરવાનું રહેશે.

(૬) ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપવામાં આવશે.

(૭) કાઉન્સેલીંગ સ્થળ ઉપર આવવા જવા માટેનો મુસાફરી ખર્ચ અંગે વિધાર્થી કે વાલી કોઈ હકક દાવો કરી શકશે નહીં. પોતાના ખર્ચે આવવા જવાનું રહેશે.

(૮) વિધાર્થીએ રૂબરૂ પ્રવેશ માટેના સ્થળ ઉપર આવીને ફોર્મ ભરવાનું રહેશે (તેની ફી રૂા. ૨૦૦/– ચુકવવાના રહશે). તેમજ પ્રવેશ મળ્યેથી જરૂરી ફી ભરવાની રહેશે.